દિવ્ય ભાસ્કર, પાના નં. ૦૮, તા. ૦૯.૧૨.૨૦૨૩

### લોકસભાની ચૂંટણી પહેલાં રૂટ પરની કામગીરી પૂર્ણ કરવા અધિકારીઓને સૂચના

# મોટેરાથી ગાંધીનગર વચ્ચે મેટ્રોની ટ્રાયલ રન એપ્રિલમાં, મુખ્યમંત્રીએ કામગીરીની સમીક્ષા કરી

## ફેઝ-2માં 6.5 કિમીના રૂટ પર ટ્રેક અને સ્ટેશનની કામગીરીનું નિરીક્ષણ કર્યું

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

ગાંધીનગરના લોકો જેની વર્ષોથી રાહ જોઈ રહ્યા છે તે મેટ્રો રેલની સુવિધા હવે નજીકના સમયમાં જ ઉપલબ્ધ થવા જઈ રહી છે. આગામી એપ્રિલ મહિનામાં મોટેરાથી ચ-2 સુધીના મેટ્રો રેલના રૂટ પર ટ્રાયલ રન કરવાની જાહેરાત થયા બાદ આ રૂટ પર ચાલી રહેલી કામગીરીની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સમીક્ષા કરી હતી અને નિયત સમય મર્યાદામાં કામ પૂર્ણ થાય તે માટે અધિકારીઓને સૂચના આપી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મેટ્રો રેલ ફેઝ -2 મોટેરાથી ગાંધીનગર ના રૂટ પર સી -2 પ્રોજેક્ટના 6.5 કિલોમીટર માર્ગ પર રેલ્વે રૂટ અને સ્ટેશનની ચાલી રહેલી કામગીરી નું નિરીક્ષણ કર્યું હતું. તેમની સાથે મુખ્ય સચિવ રાજકુમાર, મુખ્ય મંત્રીના મુખ્ય અગ્ર સચિવ કે. કૈલાસનાથન, મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર ડો. હસમુખ અઢિયા અને મેટ્રો રેલ કોર્પોરશનના ચેરમેન તથા મુખ્યમંત્રીના સલાહકાર એસ એસ રાઠોર પણ જોડાયા હતા.



ભૂપેન્દ્ર પટેલે રેલ્વે રૂટ અને સ્ટેશનની કામગીરી નું નિરીક્ષણ કર્યું હતું.

ભૂપેન્દ્ર પટેલે આ રૂટ પરના ભાઈજીપુરાથી ચ-2 સુધીના ધોળાકુવા, રાંદેસણ, ગિફ્ટ સિટી સહિતના વિસ્તારોમાં થઈ રહેલી નિર્માણ કામગીરીની પ્રગતિનું સ્થળ મુલાકાત લઈને નિરિક્ષણ કર્યું હતું. ત્યારબાદ વિસતથી નર્મદા કેનાલ થઈને કોબા સર્કલ ના રૂટની પણ મુલાકાત લીધી હતી અને ટેકનિકલ વિગતો મેળવી હતી. તેમણે મેટ્રો રેલના ટ્રેક તૈયાર કરવા માટે બનાવાયેલા યાર્ડની પણ મુલાકાત લીધી હતી.

મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા મોટેરા નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી ગાંધીનગર સેક્ટર-1 (ચ-2) અને ગિફ્ટ સિટીના પ્રાયોરિટી સેક્શનની કામગીરીની ઝડપ વધારવામાં આવી છે. આ રૂટ પર બે પુલ આવે છે. એક સાબરમતી નદી પરનો પુલ અને એક નર્મદા કેનાલ પરનો પુલ છે.